# નવસારી-વલસાડમાં વરસાદનું રેડ એલર્ટ

**દક્ષિણ** ગુજરાત-સૌરાષ્ટ્રમાં ૪ દિવસ ભારે વરસાદની આગાહી

**૭૨** તાલુકામાં વરસાદ નોંધાયો, મોરવા હડફમાં ૨ ઈંચ, સુબીરમાં ૧.૮૧ ઈંચ, ડાંગમાં ૧.૫૭ ઈંચ

ગાંધીનગર : લાંબા વિરામ બાદ ગુજરાતમાં ફરી વરસાદી માહોલ સક્રિય બન્યો છે અને આગામી ચાર દિવસ રાજ્યના અનેક વિસ્તારોમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીની આગાહી વચ્ચે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર માટે ભારેથી અતિભારે વરસાદનું જોખમ ઊભું થયું છે. ભારતીય હવામાન વિભાગે ૧૩ સપ્ટેમ્બરે નવસારી, વલસાડ તથા દમણ-દાદરા નગર હવેલી માટે અત્યંત ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે, જ્યારે ભરૂચ, સુરત, તાપી, ડાંગ, અમરેલી અને ભાવનગર સહિતના વિસ્તારો માટે ઓરેન્જ એલર્ટ અપાયું છે. બીજી તરફ આજે સાંજ સુધીમાં જ રાજ્યના ૭૨ તાલુકામાં વરસાદ નોંધાતા વરસાદી સિસ્ટમની અસર દેખાવા લાગી છે.

બંગાળની ખાડીમાં સર્જાયેલા લઘુદાબના ક્ષેત્ર અને સક્રિય મોસમ પ્રણાલીના કારણે આગામી સાત દિવસ રાજ્યમાં વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે. તેમાં પણ આગામી ચાર દિવસ સૌથી વધુ સક્રિય રહેવાની સંભાવના છે. ૧૩ સપ્ટેમ્બરે નવસારી અને વલસાડમાં અત્યંત ભારે વરસાદની આગાહીને પગલે રેડ એલર્ટ જાહેર કરાયું છે.

ભરૂચ, સુરત, તાપી, ડાંગ તથા સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગરમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. રાજ્યમાં આજે દિવસ દરમિયાન સાંજના છ વાગ્યા સુધીમાં ૭૨ તાલુકામાં વરસાદ નોંધાયો હતો.

તેમાં પંચમહાલના મોરવા હડફમાં ૨ ઈંચ, ડાંગના સુબીરમાં ૧.૮૧ ઈંચ, ડાંગમાં ૧.૫૭ ઈંચ, દાહોદના લીમખેડામાં ૧.૪૬ ઈંચ, નર્મદાના સાગબારામાં ૧.૪૬ ઈંચ અને છોટાઉદેપુરના કડવાલમાં ૧.૪૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં નર્મદા, છોટાઉદેપુર, તાપી અને દાહોદમાં સરેરાશ પ્રમાણમાં વરસાદ નોંધાયો હતો. લાંબા વિરામ બાદ ફરી વરસાદ શરૂ થતાં ખાસ કરીને વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોમાં નવી આશા બંધાઈ છે.

### ૧૪ સપ્ટેમ્બરે સૌરાષ્ટ્રમાં વરસાદનું જોર વધશે


૧૪ સપ્ટેમ્બરે નવસારી અને વલસાડ ઉપરાંત પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ તથા દીવમાં અતિભારે વરસાદની શક્યતા છે. ૧૫ સપ્ટેમ્બરે ભરૂચ, સુરત, તાપી, ડાંગ ઉપરાંત જામનગર, પોરબંદર, જૂનાગઢ, દ્વારકા, ગીર સોમનાથ અને બોટાદમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી દિવસોમાં વરસાદનું જોર તબક્કાવાર બદલાતું રહેશે. ૧૬થી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન વરસાદની તીવ્રતા ઘટવાની શક્યતા છે, પરંતુ રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં ચાલુ રહેવાની સંભાવના છે.

### અમદાવાદ-ઉત્તર ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ

અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતમાં આગામી દિવસોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે ગાજવીજ અને પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. કેટલાક વિસ્તારોમાં ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ આગાહી છે.

# દરિયાઈ વિકાસ સાથે પર્યાવરણનું સંતુલન જરૂરી : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

**ગુજરાત** યુનિવર્સિટીની કોન્ફરન્સમાં ભૂપેન્દ્ર પટેલે હાજરી આપી



અમદાવાદ : ગુજરાતનો દરિયાકાંઠો માત્ર ભૌગોલિક સીમા નહીં, પરંતુ વેપાર, ઉદ્યોગ, રોજગાર, સંસ્કૃતિ અને લાખો લોકોની આજીવિકાનો આધાર છે. ક્લાઈમેટ ચેન્જ, દરિયાઈ જળસ્તરમાં વધારો, તટીય ધોવાણ અને સમુદ્રી પ્રદૂષણ જેવા પડકારો વચ્ચે વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવું જરૂરી છે. ગ્રીન પોર્ટ્સ, સસ્ટેનેબલ શિપિંગ, સસ્ટેનેબલ ફિશરીઝ અને જવાબદાર કોસ્ટલ ટુરિઝમ દ્વારા ગુજરાત વિકાસનું નવું મોડલ ઊભું કરી શકે છે, તેવું ગુજરાત યુનિવર્સિટીમાં 'કોસ્ટલ ઈકોલોજી, સિક્યુરિટી એન્ડ સસ્ટેનબિલિટી' વિષયક નેશનલ કોન્ફરન્સના સમાપન સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ જણાવ્યું હતું.

ભૂપેન્દ્ર પટેલએ વધુમાં કહ્યું હતુ કે, મેન્ગ્રૂવને દરિયાકાંઠાની કુદરતી સુરક્ષા ઢાલ ગણાવી તેના સંરક્ષણમાં સરકાર સાથે સમાજની પણ સામૂહિક જવાબદારી હોવાનું જણાવ્યું હતું. સાથે જ સેટેલાઈટ મોનિટરિંગ, AI, ડ્રોન અને સ્માર્ટ બોટ જેવી ટેકનોલોજીથી દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે ગુજરાત યુનિવર્સિટીના એલ્યુમની માટેના ડિજિટલ પ્લેટફોર્મ તથા ઐતિહાસિક ડિજિટલ રિપોઝિટરીનું લોન્ચિંગ પણ કરવામાં આવ્યું હતું. સમારોહમાં યુનિવર્સિટીના અધિકારીઓ, વૈજ્ઞાનિકો, અગ્રણીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાદરવી પૂનમ મેળામાં અંબાજી મંદિર રાત્રે 12 વાગ્યા સુધી ખુલ્લું રહેશે

**આરતીનો** સમય સવારે 7:30 વાગ્યાથી બદલીને 6 વાગ્યે કરવામાં આવ્યો



ગાંધીનગર : ભાદરવી પૂનમના પવિત્ર મેળાને ધ્યાનમાં રાખીને અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા લાખો શ્રદ્ધાળુઓની સુવિધા માટે દર્શનના સમયમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મેળા દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો અંબાજી પહોંચવાની શક્યતા હોવાથી યાત્રિકોને સરળતાથી દર્શનનો લાભ મળી રહે તે માટે આ વ્યવસ્થા કરવામાં આવી છે.

મંદિર ટ્રસ્ટના નિર્ણય પ્રમાણે, સવારની આરતીનો સમય સવારે 7:30 વાગ્યાથી બદલીને 6 વાગ્યે કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, ભક્તોને વધુ સમય સુધી માતાજીના દર્શન મળી રહે તે માટે મંદિર રાત્રે 12 વાગ્યા સુધી ખુલ્લું રહેશે. આ નિર્ણયથી દૂર-દૂરથી આવતા યાત્રિકોને દર્શન માટે વધુ સમય ઉપલબ્ધ થશે.

બીજી તરફ, મેળા દરમિયાન વ્યવસ્થા અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને કેટલીક ધાર્મિક પ્રવૃત્તિઓ પર નિયંત્રણ મૂકવામાં આવ્યા છે. મેળાના દિવસોમાં યાત્રિકોને મંદિરની યજ્ઞશાળામાં હવન કરવાની મંજૂરી રહેશે નહીં. તેમજ મંદિરમાં અન્નકૂટ ધરાવી શકાશે નહીં.

મંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલા આ ફેરફારોનો હેતુ ભાદરવી પૂનમ મેળા દરમિયાન ભક્તોની ભીડનું સુચારુ સંચાલન, સુરક્ષા અને વ્યવસ્થા જાળવીને શ્રદ્ધાળુઓને વધુ સુવિધાજનક રીતે માતાજીના દર્શન કરાવવાનો છે.

# હોર્મુઝ સ્ટ્રેટ પછી હવે બાબ-અલ-મંડેબનો દરિયાઈ વેપાર માર્ગ પણ બંધ થઈ જશે?



ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ પર કબજો જમાવ્યો તે પછી યમનના હુથી બળવાખોરો હવે બીજા મહત્ત્વના દરિયાઈ માર્ગ બાબ અલ-મંડેબ સ્ટ્રેટ પર કબજો કરવાની બહુ નજીક છે. ઈરાન-સમર્થિત હુથી બળવાખોરો, જેને અંસાર અલ્લાહ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેઓ છેલ્લા ૧૮ કલાકથી આગળ વધી રહ્યા છે. તેઓ હવે બાબ અલ-મંડેબ સ્ટ્રેટથી ૫૦ કિલોમીટરથી ઓછા અંતરે છે, જે લાલ સમુદ્રને એડેનના અખાત અને તેનાથી આગળ અરબી સમુદ્રને જોડે છે. જો હુથી બળવાખોરો આ ૨૯ કિલોમીટર પહોળી ચેનલ પર કબજો કરે છે, તો તેહરાન તેની હોર્મુઝ સ્ટ્રેટ વ્યૂહરચના અપનાવી શકે છે અને ખાડી દેશોમાંથી હિંદ મહાસાગરમાં ઊર્જા નિકાસને અવરોધિત કરી શકે છે. આનો અર્થ એ છે કે હોર્મુઝ સ્ટ્રેટને નિયંત્રિત કરતું ઈરાન બાબ અલ-મંડેબ સ્ટ્રેટ પર પણ નિયંત્રણ રાખશે. આનાથી સાઉદી અરેબિયાનો તેલ વેપાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ શકે છે.

હોર્મુઝની સામુદ્રધુનીની જેમ બાબ અલ-મંડેબ પણ ભારત માટે મહત્ત્વપૂર્ણ છે. ભારત ફક્ત ક્રુડ ઓઇલ અને અન્ય પેટ્રોકેમિકલ્સ આયાત કરવા માટે જ નહીં પરંતુ યુરોપ પહોંચવા માટે પણ બાબ અલ-મંડેબ દરિયાઈ માર્ગ પર આધાર રાખે છે. શુદ્ધ ઈંધણ, ફાર્માસ્યુટિકલ્સ, મશીનરી અને અન્ય માલસામાન વહન કરતાં જહાજો પણ નેધરલેન્ડમાં રોટરડેમ અને ફ્રાન્સમાં માર્સેલી જેવાં મુખ્ય યુરોપીય બંદરો સુધી પહોંચવા માટે વારંવાર આ સામુદ્રધુનીનો ઉપયોગ કરે છે. આવી સ્થિતિમાં, જો બાબ અલ-મંડેબ (જેનો અર્થ આંસુનો દરવાજો થાય છે) પર કબજો કરવામાં આવે તો ભારતનો મહત્ત્વપૂર્ણ ખનિજ તેલનો પુરવઠો ખોરવાઈ શકે છે. અમેરિકા-ઈરાન તણાવ શરૂ થયો ત્યારથી ગલ્ફના દેશોમાંથી પેટ્રોલિયમ શિપમેન્ટ પહેલાથી જ નોંધપાત્ર રીતે ખોરવાઈ ગયું છે.

હુથી બળવાખોરો દ્વારા બાબ અલ-મંડેબ પર કબજો મેળવ્યા પછી ભારત પાસે એકમાત્ર બીજો વિકલ્પ આફ્રિકન ખંડની પરિક્રમા કરવાનો છે. આવા માર્ગથી મુંબઈ અને રોટરડેમ વચ્ચેનું અંતર આશરે ૧૫,૭૦૦ કિ.મી.થી વધીને ૨૩,૦૦૦ કિ.મી. થઈ જશે. આ લાંબો દરિયાઈ માર્ગ યુરોપમાં પરિવહન થતાં દરેક કિલોગ્રામ માલના પરિવહનના ખર્ચમાં નોંધપાત્ર વધારો કરશે, જે ભારતીય આયાત તથા નિકાસના વેપારને નોંધપાત્ર ફટકો પહોંચાડવાની શક્યતા ધરાવે છે.

યમનમાં તાજેતરના દિવસોમાં હુથી લડવૈયાઓ અને સાઉદી સમર્થિત સરકારી દળો વચ્ચે લડાઈ વધુ તીવ્ર બની છે, જેના કારણે થોડાં અઠવાડિયાં પહેલાં સાઉદી યુદ્ધ વિમાનોએ હુથીના કબજાવાળા વિસ્તારોમાં બોમ્બમારો કર્યો હતો. ઈરાન-સમર્થિત હુથી લડવૈયાઓ મોચા બંદર શહેર પર કબજો કર્યા પછી તેઓ લાલ સમુદ્રમાં હાનિશ ટાપુઓ સુધી પહોંચી ગયા છે, જેનાથી બાબ અલ-મંડેબ દ્વારા મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગની સુરક્ષા જોખમમાં મુકાઈ ગઈ છે. ઈરાને ધમકી આપી છે કે જો અમેરિકા સાથે સંઘર્ષ વધશે તો તે બાબ-અલ-મંડેબને બંધ કરી દેશે. વિશ્વનો સૌથી મોટો તેલ ઉત્પાદક દેશ સાઉદી અરેબિયા હવે બે દરિયાઈ માર્ગો પર અવરોધનો સામનો કરી રહ્યો છે, જેને ખનિજ તેલના ભાવમાં વધારાનું એક મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે.

ઈરાન હુથીઓને લશ્કરી સલાહ અને ટેકો પૂરો પાડતું હતું. એક રાજદ્વારીના જણાવ્યા અનુસાર, ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સના ઘણા વરિષ્ઠ કમાન્ડરો યમનમાં હાજર છે. ઓપરેશન શરૂ થાય તે પહેલાં ઈરાન અને હુથીઓ વચ્ચે ઘણી બેઠકો યોજાઈ હતી. જો કે, મોખા પર હુમલો કરવાનો નિર્ણય હુથીઓએ પોતે જ લીધો હતો. યમનના લશ્કરી અધિકારીઓએ એમ પણ કહ્યું હતું કે લાલ સમુદ્રમાં હુથીના નવા આક્રમણમાં ઈરાને મદદ કરી હતી. યમનનાં સૂત્રોનો દાવો છે કે કુદ્સ ફોર્સના કમાન્ડર અબ્દુલરેઝા શાહલાઈ હુથીના આક્રમણનું નિર્દેશન કરી રહ્યા હતા.

એક અહેવાલ મુજબ, સાઉદી અરેબિયાને હુથીઓ સામેના જંગમાં અમેરિકાના સમર્થનની આશા હતી. ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને ડોનાલ્ડ ટ્રમ્પને સીધા હવાઈ હુમલા માટે અપીલ કરી હતી, પરંતુ અમેરિકાના રાષ્ટ્રપતિએ ઇનકાર કરી દીધો હતો. જો કે, અમેરિકા આ ક્ષેત્રમાં થઈ રહેલા બનાવો પર નજીકથી નજર રાખી રહ્યું છે. સાઉદી અરેબિયામાં ૧૦૦ થી વધુ અમેરિકન લશ્કરી સલાહકારો હાજર છે. એક અમેરિકન અધિકારી આ સંખ્યા લગભગ ૨૦૦ જણાવે છે. આ અમેરિકન લશ્કરી કર્મચારીઓ હુથીઓ સંબંધિત ગુપ્ત માહિતી એકત્રિત કરવામાં સાઉદી સૈન્યને મદદ કરી રહ્યા છે, પણ તેઓ સીધી લશ્કરી કાર્યવાહી ટાળી રહ્યા છે. હુથીઓ યમનના ઝૈદી શિયા સમુદાયના છે , જ્યારે સાઉદી અરેબિયા સુન્ની બહુમતી ધરાવતો દેશ છે. તેમની ધાર્મિક માન્યતાઓ અલગ છે. જો કે, હુથી-સાઉદી સંઘર્ષને ફક્ત શિયા વિરુદ્ધ સુન્ની સંઘર્ષ તરીકે જોવો ખોટો હશે. આ સંઘર્ષનાં મૂળ ૧૯૯૦ ના દાયકામાં છે. ઉત્તર યમનમાં ઝૈદી સમુદાયને લાગ્યું કે સરકાર તેમના રાજકીય અને ધાર્મિક હિતોની અવગણના કરી રહી છે. યમનની સરકાર અને હુથીઓ વચ્ચે પ્રથમ મોટો સશસ્ત્ર સંઘર્ષ ૨૦૦૪ માં થયો હતો. ૨૦૧૪ માં સત્તા સંઘર્ષ વધુ તીવ્ર બન્યો. હુથીઓએ યમનની રાજધાની સના પર કબજો જમાવ્યો અને રાષ્ટ્રપતિ અબ્દુરબ્બુ મન્સૂર હાદીની સરકારને પડકાર ફેંક્યો. સાઉદી અરેબિયાને ડર હતો કે હુથીઓની વધતી જતી તાકાત ઈરાનના પ્રભાવને તેની દક્ષિણ સરહદ સુધી વિસ્તૃત કરશે.

સાઉદી અરેબિયા ૨૦૧૫ માં સીધા સંઘર્ષમાં પ્રવેશ્યું. સાઉદી અરેબિયાએ હુથીઓ સામે લશ્કરી ઝુંબેશ શરૂ કરી. સાઉદીની આગેવાની હેઠળના ગઠબંધને હુથીઓનાં સ્થાનો પર હવાઈ હુમલા શરૂ કર્યા અને તેમના પ્રદેશને નાકાબંધી કરી, શસ્ત્રો અને અન્ય પુરવઠાના પ્રવાહને અટકાવ્યો. જવાબમાં હુથીઓએ સાઉદી અરેબિયા પર મિસાઇલ અને ડ્રોન હુમલા શરૂ કર્યા. પછી ઈરાન-સાઉદી દુશ્મનાવટમાં સામેલ થયું. ધીમે ધીમે, આ સંઘર્ષ ફક્ત યમનમાં સત્તા માટેના સંઘર્ષ તરીકે રહ્યો નહીં. તે ઈરાન અને સાઉદી અરેબિયા વચ્ચેના પ્રાદેશિક વર્ચસ્વ માટેના યુદ્ધનો પણ ભાગ બન્યો. સાઉદી અરેબિયા હુથીઓને ઈરાનના વધતા પ્રભાવ માટે ખતરા તરીકે જુએ છે.

૨૦૧૪ ના ગૃહયુદ્ધ પછીથી સાઉદી અરેબિયા અને હુથીઓ વચ્ચે સંઘર્ષ વધી રહ્યો છે. જુલાઈ ૨૦૨૬ માં જ્યારે રિયાધે એક હુથી અધિકારીને લઈ જતું ઈરાની વિમાનને સનામાં ઊતરતાં અટકાવ્યું ત્યારે તણાવ વધ્યો. ત્યારથી, હુથીઓ અને સાઉદી અરેબિયા વચ્ચે વારંવાર હુમલાઓ થયા છે. તાજેતરના હુમલાઓમાં સાઉદી તેલ કંપની, અભા આંતરરાષ્ટ્રીય વિમાનમથક અને કિંગ ખાલિદ એર બેઝને નિશાન બનાવવામાં આવ્યા હતા. સાઉદી અધિકારીઓએ અહેવાલ આપ્યો છે કે આતંકવાદી હુમલામાં ઓછામાં ઓછાં ૭૩ લોકો ઘાયલ થયાં છે. યમનના આતંકવાદી જૂથે સાઉદી અરેબિયા પર યમનમાં હવાઈ હુમલા કરવાનો આરોપ લગાવ્યા બાદ આ હુમલો થયો હતો.

હુથીઓએ બાબ અલ-મંડેબ સ્ટ્રેટમાં લાલ સમુદ્રના એક ટાપુ પર કબજો કર્યો છે. યમનના હુથીઓએ આજે લાલ સમુદ્રમાં એક મુખ્ય ટાપુ પર કબજો કર્યો છે, જેનાથી તેમને અલ-મંડેબ પર નિયંત્રણ મળ્યું છે. ગઈ કાલે સરકારી દળો ત્યાંથી પાછાં હટ્યાં પછી સશસ્ત્ર હુથી લડવૈયાઓને લઈ જતી બોટ મય્યુન ટાપુ પર પહોંચી ગઈ છે. બીજો એક ટાપુ પેરીમ પણ કબજે કરવામાં આવ્યો છે. પાકિસ્તાન પણ આ મુદ્દા પર સક્રિય થઈ ગયું છે. આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરે સાઉદી અરેબિયા પર તાજેતરના હુથી હુમલાઓ અંગે ઈરાન સાથે વાતચીત કરી હતી. આ વાતચીત પાકિસ્તાની સંરક્ષણ પ્રધાને રિયાધ અને યમનના આતંકવાદી જૂથ વચ્ચે વધતા સંઘર્ષને ધ્યાનમાં રાખીને મક્કા સંરક્ષણ કરારને લાગુ કરવા સામે ચેતવણી આપ્યાના થોડા દિવસો પછી થઈ છે.

બાબ-અલ-મંડેબ એ અરબી દ્વીપકલ્પ અને આફ્રિકાના શિંગડા વચ્ચેનો એક સાંકડો દરિયાઈ માર્ગ છે. તે લાલ સમુદ્રને એડનના અખાત અને અરબી સમુદ્ર અથવા હિંદ મહાસાગર સાથે જોડે છે. બાબ અલ-મંડેબ એ લાલ સમુદ્રથી સુએઝ નહેર સુધીનો સૌથી મહત્ત્વપૂર્ણ દરિયાઈ વેપાર માર્ગ છે. તે હિંદ મહાસાગરથી લાલ સમુદ્ર સુધીનો એકમાત્ર પ્રવેશ માર્ગ પણ છે. તે સુએઝ નહેર સાથે જોડાય છે, જે તેને એશિયા અને યુરોપ વચ્ચેનો સૌથી મહત્ત્વપૂર્ણ દરિયાઈ વેપાર માર્ગ બનાવે છે. જો બાબ-અલ-મંડેબનો રસ્તો બંધ થશે તો ભારતમાં મોંઘવારી વધી જશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**બાબ-અલ-મંડેબ એ અરબી દ્વીપકલ્પ અને આફ્રિકાના શિંગડા વચ્ચેનો એક દરિયાઈ માર્ગ છે. તે લાલ સમુદ્રને એડનના અખાત અને અરબી સમુદ્ર અથવા હિંદ મહાસાગર સાથે જોડે છે**

## BUSINESS મિત્ર

# આગામી સપ્તાહમાં શેરબજાર બાઉન્સબેક થવાની સંભાવના

**સતત** પાંચમા સપ્તાહમાં ભારતીય શેરબજાર લાલ નિશાનમાં બંધ રહ્યુ: સેન્સેક્સ-નિફ્ટીમાં બે ટકાનો ઘટાડો નોંધાયો

**સોમવારે** ગણેશ ચતુર્થીના પગલે ભારતીય શેરબજાર બંધ રહેશે

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 12:** ભારતીય શેરબજારમાં સતત પાંચમા સપ્તાહમાં લાલ નિશાનમાં બંધ રહ્યું હતું. જેમાં સેન્સેક્સ અને નિફ્ટી 2 ટકાથી વધુ ઘટયા હતા. હાલમાં બજાર ઓવરસોલ્ડ પોઝિશન ધરાવે છે. જો આગામી સપ્તાહમાં નવી કોઇ ઘટના ન બને તો શોર્ટ કવરીંગની સાથે શેરબજાર બાઉન્સબેક કરે તેવી પુરેપુરી સંભાવના જોવા મળી રહી છે. બીજી તરફ, નિફ્ટી 23000 પોઇન્ટની સપાટી તોડીને નીચે બંધ રહેશે તો બજારમાં વધુ ઘટાડો આગળ વધે તેવી પણ ભીતિ સેવાઈ રહી છે.

ઈરાન અને અમેરિકાના તણાવમાં કોઇ સારા સમાચારના અભાવની સાથે ક્રુડ ઓઇલના ભાવમાં ભડકો થતાં તેની સાથે બોન્ડ યીલ્ડમાં પણ ઉછાળો રોકાણકારોની ચિંતા વધારી હતી. ટ્રેડિંગના બીજા છ મહિનામાં બજાર નીચલા સ્તરથી રીકવર થયું હોવા છતાં સેન્સેક્સ અને નિફ્ટી સતત પાંચમા સપ્તાહમાં ઘટાડા સાથે બંધ રહ્યું હતું. આગામી સપ્તાહમાં ફેડરલ રિઝર્વની નાણાકીય નીતિની જાહેરાત થશે, જેમાં વ્યાજદર વધે છે કે નહીં તેની ઉપર રોકાણકારોની નજર રહેશે. આ ઉપરાંત, ફેડ પોલિસી બાદ ફેડ ચેરપર્સનની ટિપ્પણીઓને બજારનું ધ્યાન રહેશે. જોકે, આગામી સપ્તાહમાં મંગળવારથી ભારતીય શેરબજારમાં કામકાજ થશે. સોમવારે ગણેશ ચતુર્થીના પગલે બીએસઇ-એનએસઇ બંધ રહેશે. સપ્તાહ દરમ્યાન સેન્સેકસ 1733.67 પોઇન્ટ એટલે કે 2.27 ટકા ઘટીને 74781.76 પોઇન્ટ અને નિફ્ટી 499.60 પોઇન્ટ એટલે કે 2.09 ટકા ઘટીને 23398.10 પોઇન્ટ બર બંધ રહ્યા હતા. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 1.40 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.77 ટકા ઘટ્યો હતો. આમ, સેન્સેકસ 2.3 ટકા અને નિફ્ટી 2.1 ટકા ઘટ્યા હતા. જોકે, છેલ્લા એક મહિનાથી વધુ સમયથી બજારમાં સતત વેચવાલીનું દબાણ ચાલુ રહ્યું છે અને સેન્સેક્સ અને નિફ્ટી નીચલા સ્તરે જઈ રહ્યા છે. જેમાં બજાર ઓવરસોલ્ડ લાગી રહ્યું છે, ત્યારે બજારમાં એક પ્રત્યાઘાતી ઉછાળો આવે તેવી સંભાવના છે, પણ આ ઉછાળો ક્ષણિક રહી શકે છે. હજુય ક્રુડના ઉંચા ભાવ વિશ્વભરની અર્થવ્યવસ્થાઓ માટે ચિંતાનો વિષય બની રહ્યો છે. આ સિવાય વૈશ્વિક મેક્રો ઈકોનોમી ડેટા ઉપરાંત યુએસના સીપીઆઇ ફુગાવાના ડેટા ઉપર રોકાણકારોની નજર રહેશે.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.72 રૂ. |
| યુરો | 111.15 રૂ. |
| પાઉન્ડ | 129.44 રૂ. |
| યેન | 0.6214 રૂ. |

# ઝોમેટોમાં કેશ ઓન ડિલીવરીથી ઓર્ડર કરનારાને એક્સ્ટ્રા ચાર્જ ચુકવવો પડશે

**ફૂડ અને** સિલેક્ટેડ વસ્તુઓમાં સીઓડી પર રૂ. 21 સુધી વધારાની ચુકવણી કરવી પડશે

નવી દિલ્હી, તા. 12: ઓનલાઇન ફૂડ ડિલીવરી પ્લેટફોર્મ ઝોમેટો પરથી ફૂડ ઓર્ડર કરો છો અને કેશ ઓન ડીલિવરી વિકલ્પ પસંદ કરો છો, તો તમારે અલગથી ફી ચુકવવી પડશે. આ ઓર્ડર કરનારાને ઓર્ડરના મુલ્યમાં વધારો થઈ જશે, જે 21 રૂપિયા સુધીનો વધારો થશે. ઓર્ડર બિલમાં પે ઓન ડિલીવરી તરીકે દેખાતો નવો ચાર્જ, જ્યારે ગ્રાહકો ડિલીવરી સમયે તેમના ફૂડ ઓર્ડરને રોકડમાં ચુકવવાનું પસંદ કરે છે, ત્યારે લાગુ પડે છે. તમામ ઓર્ડરના અલગ અલગ ચાર્જ રહેશે.

પીટીઆઇના અહેવાલ અનુસાર આ ફી નક્કી કરવાનો ચોક્કસ આધાર અને તે ઓર્ડર વેલ્યુ, લોકેશન અથવા અન્ય પરિણામો જેવા પરિબળો સાથે સંબંધિત છે કે કેમ તે તાત્કાલિક જાણી શકાયું નથી. આ ઘટના વિકાસ એવા સમયે આવ્યો છે જ્યારે ફૂડ ડિલીવરી પ્લેટફોર્મ વિવિધ ફી સ્ટ્રક્ચર અને મુદ્રીકરણ મોડલ સાથે પ્રયોગો કરી રહ્યા છે.

કેશ ઓન ડિલીવરી ઓર્ડર પર નવી ફી ઉપરાંત, ઝોમેટો પ્લેટફોર્મ પહેલાથી જ ફૂડ ઓર્ડર પર પ્લેટફોર્મ ફી વસુલે છે. આ સાથે ડિલીવરી, પકેજીંગ અને અન્ય ચાર્જ પણ ઓર્ડરના આધારે લાગુ પડે છે. ઝોમેટોની હરીફ સ્વિગી હાલમાં કેશ ઓન ડિલીવરી ઓર્ડર પર કોઇ અલગ ફી વસુલ કરી રહી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, ઝોમેટો પ્લેટફોર્મ દરરોજ લગભગ 23થી 25 લાખ ફૂડ ઓર્ડર પર પ્રક્રિયા કરે છે. જો દરેક ઓર્ડરને કેશ ઓન ડિલીવરી માનવામાં આવે તો દરરોજ રૂ. 5ના ચાર્જથી કંપનીને દરરોજ રૂ. સવા કરોડની આસપાસ કમાણી થઈ શકે છે. આ ઉપરાંત, આ વર્ષની શરૂઆતમાં ઝોમેટોએ પ્લેટફોર્મ ફી પણ રૂ. 12.50થી વધારીને રૂ. 14.99 પ્રતિ ઓર્ડર કરી દીધી છે, તેના પર જીએસટી અલગ લાગુ થાય છે.

**સોના-ચાંદી સુરત**
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૭૮૨૦ |
| તેજાબી સોનું | ૧૫૭૮૩૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૯૯૩૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૪૬૬૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૭૮૨૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૭૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૯૩૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર**
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૫૦૦ |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૨૦૦ |
| એસ-૩૦ | ૫૧૦૦ |

# સેબીનો CAS, ડેરિવેટિવ્ઝ સેટલમેન્ટ અને સમયમાં મહત્વના ફેરફારોનો પ્રસ્તાવ

**CAS** ટ્રાન્ઝિશનના સમયને ઘટાડીને માત્ર એક મિનિટ કરી શકે

**3 ઓક્ટોબર**, 2026 સુધીમાં જાહેર અભિપ્રાયો મંગાવાયા

મુંબઈ, તા. 12: સેબીએ ક્લોઝિંગ ઓક્શન સેશન (CAS), ડેરિવેટિવ્ઝ સેટલમેન્ટ અને સમયમાં સાત મહત્વના ફેરફારોનો પ્રસ્તાવ મૂક્યો છે. નિયમનકારે CAS દરમિયાન હાલમાં દર્શાવવામાં આવતા ઈન્ડિકેટિવ ઈન્ડેક્સ વેલ્યૂને દૂર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જે ઈન્ડિકેટિવ ઈક્વિલિબ્રિયમ પ્રાઈસ (IEP) પર આધારિત છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) એ 'ક્લોઝિંગ ઓક્શન સેશન' (CAS) દરમિયાન તરલતા, પારદર્શિતા અને ભાવ નિર્ધારણ પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્ય સાથે એક ચર્ચા પત્રમાં સાત મહત્વપૂર્ણ પ્રસ્તાવો રજૂ કર્યા છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ '' | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

# ધરપકડ કરતાં પહેલાં તે વ્યકિતને ધરપકડનો આદેશ બજાવવો ફરજિયાત છે

## નામદાર સુપ્રિમકોર્ટનો અગત્યનો ચૂકાદો

**કાયદાની કેડીએ...**
ઈશ્વર રૂદલાલ

GST કાયદાની કલમ 132માં કેટલાક ગુનાઓ ઠરાવીને તે કરવા બદલ ધરપકડની સજા કરવાની કડક જોગવાઈઓ કરવામાં આવી છે. તો કલમ 69 હેઠળ કોઈ વ્યકિતની ધરપકડ કરવા માટેની સત્તા કમિશ્નરને આપવામાં આવેલ છે. તો કલમ 69 હેઠળ મળેલ સત્તાને આધારે જયારે કમિશ્નરશ્રી કોઈ વ્યકિતની ધરપકડ કરવા માટે આદેશ કરે તો તે વ્યકિતની ધરપકડ કરતાં પહેલા તેની વિરૂધ્ધ પસાર કરવામાં આવેલ આદેશ તે વ્યકિતને બજાવવો ફરજિયાત છે. એવું તાજેતરમાં નામદાર સુપ્રિમકોર્ટે ફરમાવ્યું છે, ખેર! નામદર સુપ્રિમકોર્ટના યુનિયન ઓફ ઈન્ડિયા વિ. સુનિલ બિયાનીક્રિમીનલ અપીલ/2006 ના તા. 12/8/26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો.

**હક્કીત...**

DGGT મુંબઈ દ્વારા આલ્ફાબયોન અને ગ્રુપ કંપનીઓ દ્વારા ખોટી ઈન્પૂટ ટેક્ષ ક્રેડિટ માંગવાના અને માલ કે સેવાની સપ્લાય કર્યા વગર તેને તબદીલ કરવા બાબતની તપાસ કરવામાં આવેલ અને તપાસ દરમ્યાન ખાતા દ્વારા ત્રણ સમન્સ બજાવવામાં આવેલ આ સમન્સને અનુસંધાને હાજર થવાને બદલે, પ્રતિવાદી દ્વારા આગોતરા જામીન મેળવવા સેશન્સ કોર્ટ સમક્ષ અરજી દાખલ કરવામાં આી, જે તા. 14-10-25ના રોજ નામંજૂર તા ના. બોમ્બે હાઈકોર્ટ સમક્ષ આગોતરા જામીન માટે અરજી કરવામાં આવી. તો. સુનાવણી સમયે ખાતા તરફથી રજૂઆત કરવામાં આવી કે આ કેસમાં તપાસ ચાલુ છે અને કલમ 69 હેઠળ કોઈ આદેશ પસાર કરવામાં આવ્યો નથી. આથી ના.હાઈકોર્ટે ઠરાવ્યું કે જયારે વ્યકિતની ધરપકડનો આદેશ પસાર કરવામાં આવ્યો નથી ત્યારે આગોતરા જામીનની અરજી સ્વીકારી શકાય નહીં. આમ છતાં હાઈકોર્ટે આદેશ કર્યો કે આદેશની જાણ કરવામાં આવે ત્યારથી એક અઠવાડિયા સુધી તે વ્યકિતની ધરપકડ ન કરવામાં આવે, જે આદેશને ખાતા તરફથી ના.સુપ્રિમકોર્ટ સમક્ષ અપીલ કરી પડકારવામાં આવ્યો.

**દલીલ...**

વેપારીના વિધ્વાન સિનિયર કાઉન્સેલે દલીલ કરતા જણાવ્યું કે કલમ 69માં એવી કોઈ સ્પષ્ટ જોગવાઈ ન હોવા છતાં કુદરતી ન્યાયના સિધ્ધાંતનું પાલન કરવા અને વહિવટી કાર્યવાહીની નિષ્પક્ષતા માટે જરૂરી છે કે કોઈ પણ વ્યકિતની ધરપકડ થાય તે પહેલાં કલમ 69 હેઠળ પસાર કરવામાં આવેલ આદેશ તે વ્યકિતને બજાવવામાં આવે. કલમ 69 હેઠળનો આદેશ ન મળે ત્યાં સુધી તે વ્યકિત આગોતરા જામીન માટે અરજી ન કરી શકે.

**ચૂકાદો...**

ના.સુપ્રિમકોર્ટે પોતાના અગાઉના ચૂકાદાને આધારે ઠરાવ્યું કે ના.બોમ્બે હાઈકોર્ટે વચગાળાની રાહત આપી શકે નહીં એમ જણાવી વચગાળાની રાહત ના. સુપ્રિમકોર્ટે રદ બાતલ કરેલ છે. તો...

નામદાર કોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે વિધ્વાન કાઉન્સેલની દલીલ સ્વીકારવા પાત્ર છે. તેમના મતે આગોતરા જામીન મેળવવા માટે કલમ 69 હેઠળનો ધરપકડનો આદેશ આવશ્યક છે. કોઈ પણ વ્યકિતને તે નિર્દોષ હોવાના અનુમાનનો લાભ મળવાપાત્ર છે. કારણ કે આગોતરા જામીન માટે અરજી કરવામાં આવે ત્યારે તે ગુનેગાર સાબિત થયેલો હોતો નથી. અને ના. સુપ્રિમકોર્ટે ઠરાવ્યું કે કલમ 69 હેઠળ કમિશ્નરે કોઈ વ્યકિતની ધરપકડ માટે આદેશ પસાર કરેલ હોય ત્યારે તે આદેશ તે વ્યકિતને બજાવવો ફરજિયાત છે. કારણ કે તેવી બજવણી કર્યા વગર કોઈ વ્યકિતની ધરપકડ થઈ શકે નહીં. એમ જણાવી કમિશ્નરને કલમ 69 હેઠળનો આદેશ માન્ય સંદેશા વ્યવહારની રીતે બજાવવા ફરમાવ્યું કે જેથી આરોપી, તેને મળેલ સલાહ અનુસાર, કાયદા હેઠળ મળવાપાત્ર રાહત મેળવવા કાર્યવાહી કરી શકે.

# ફોર્ચ્યુન ઈન્ડિયામાં ટોપ-100માં 56 અબજોપતિની સંપત્તિ વધી, 31ની ઘટી

**અદાણી**-અંબાણીની સંપત્તિમાં રૂ. 1.41 લાખ કરોડનો ઘટાડો થયો

નવી દિલ્હી, તા. 12: ફોર્ચ્યુન ઈન્ડિયાએ દેશના ટોપ-100 અબજોપતિઓની જાહેર કરેલી યાદીમાં દેશના બે ટોચના અમીર અદાણી-અંબાણીની સંપત્તિમાં એક વર્ષમાં રૂ. 1.41 લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે. આમ છતાં, મુકેશ અંબાણી પ્રથમ અને ગૌતમ અદાણી બીજા ક્રમે છે. ટોપ-100માં સમાવિષ્ટ 30 ઉદ્યોગપતિઓની કુલ સંપત્તિમાં રૂ. 4.26 લાખ કરોડનો ઘટાયો થયો છ. જેમાં મુકેશ અંબાણી સંપત્તિમાં 82 હજાર કરોડ રૂપિયા અને ગૌતમ અદાણીની સંપત્તિમાં રૂ. 59 હજાર કરોડનો ઘટાડો થયો છે.

બીજી તરફ, 56 ઉદ્યોગપતિઓની સંપત્તિમાં રૂ. 7.70 લાખ કરોડનો વધારો થયો છે. જ્યારે 31ની સંપત્તિમાં ઘટાડો થયો છે. એટલું જ નહીં, આ વર્ષે 13 લોકો પ્રથમ વખત ફોર્ચ્યુન ઈન્ડિયા ટોપ-100માં આવ્યા છે. સાવિત્રી જિન્દાલની સંપત્તિમાં એક લાખ કરોડનો વધારો થયો છે.